# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: THURSDAY** **National News**

**આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

*****************************************************

1) રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીએ બિહારમાં 13 હજાર 480 કરોડ રૂપિયાની વિવિધ વિકાસયોજનાઓનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું
2) પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે, પાકિસ્તાનના ટોચના રાજદ્વારી સાદ અહમદ વારૈચને સાત દિવસમાં ભારત છોડવા માટેનું સમન્સ આપ્યું
3) પહેલાગામ આતંકવાદીહુમલા મામલે આજે સાંજે નવી દિલ્હીમાં સર્વપક્ષિય બેઠક
4) ઉધમપુરમાં આતંકવાદીઓસાથેની અથડામણમાં એક જવાન શહીદ
5) છત્તીસગઢ-તેલંગાણાની સરહદ પર અથડામણમાં પાંચ નકસવાદીઓ ઠાર

..................................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - Bihar

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારમાં ૧૩ હજાર ૪૮૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ કર્યું હતું. પ્રધાનમંત્રીએ આજે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે મધુબની ખાતે એક કાર્યક્રમમાં તેમણે 870 કરોડ રૂપિયાના રેલવે પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું હતું ચાર ટ્રેનોને લીલી ઝંડી આપી રવાના કરી હતી.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, પંચાયતોને ભંડોળ આપવાની સરકારની પ્રાથમિકતા રહી છે.

**(BYTE PM ON PANCHAYAT FUND)**

પંચાયતોનાં સશક્તિકરણ માટે લેવામાં આવેલા પગલાં અંગે શ્રી મોદીએ આ મુજબ જણાવ્યું

**(BYTE PM ON PANCHAYAT FACILITY)**

આ પ્રસંગે તેમણે જયનગરથી પટણા વચ્ચે નમો ભારત રેપિડ રેલ અને સહરસાથી લોકમાન્ય તિલક ટર્મિનસ વચ્ચેની અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનને વિડિયો કોન્ફરન્સિંગથી લીલી ઝંડી આપીને રવાના કરાવી હતી. આ ઉપરાંત ખગડિયા-અલૌલી રેલવે લાઇન પણ રાષ્ટ્રને સમર્પિત કરી હતી..

આ પ્રસંગે રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન, મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ પંચાયતી રાજ અંગેના છ વિવિધ કેટેગરીના પુરસ્કાર પણ એનાયત કર્યા હતા.

પોતાના સંબોધન અગાઉ પ્રધાનમંત્રીએ પહેલગામ આતંકવાદી હુમલાના મૃતકોને બે મિનીટનું મૌન પાળીને શ્રધ્ધાંજલી અર્પી હતી.

--------------------------------

## REV.PAHALGAM - GOVT MEASURES

ભારતે પાકિસ્તાનના ટોચના રાજદ્વારી સાદ અહમદ વારૈચને સમન્સ પાઠવીને તેના લશ્કરી રાજદ્વારીઓ માટે પર્સોના નોન-ગ્રેટા નોટ સોંપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટોચના રાજદ્વારીને ગઈકાલે રાત્રે સમન્સ પાઠવવામાં આવ્યુ હતુ. પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને ભારતે પાકિસ્તાન સામે અનેક કડક પગલાં લીધા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

## CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢ અને તેલંગાણાના સરહદી વિસ્તારમાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં ત્રણ માઓવાદીઓ માર્યા ગયા છે. છત્તીસગઢના બીજાપુર જિલ્લાના કરેગુટ્ટાની પહાડીઓમાં નક્સલવાદ વિરોધી કાર્યવાહી ચાલી રહી છે. છત્તીસગઢ, તેલંગાણા અને મહારાષ્ટ્રના વિવિધ સુરક્ષા દળોએ પહાડીઓમાં માઓવાદી સંગઠનના ટોચના

નેતાઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ લગભગ બે દિવસ પહેલા આ કાર્યવાહી શરૂ કરી હતી. સુરક્ષા દળોએ ટેકરીને ઘેરી લીધી છે.

. . . . . . . . . . . . . . . .

# ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરમાં, ઉધમપુર જિલ્લામાં આજે સર્ચ ઓપરેશન બાદ સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો, જેમાં એક જવાન શહીદ થયા છે. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, આ વિસ્તારમાં આતંકવાદીઓ હોવાની માહિતીના આધારે સુરક્ષા દળો દ્વારા શરૂ કરાયેલા ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન દરમિયાન ડુડુ-બસંતગઢ વિસ્તારમાં ગોળીબાર થયો હતો. જ્યારે શંકાસ્પદ સ્થળ પર છુપાયેલા આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો, જેનો સલામતી દળોએ જવાબ આપતા અથડામણ થઇ હતી.. હાલમાં અભિયાન ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# US VICE PREZ-JAIPUR VISIT

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે ડી વેન્સ આજે સવારે જયપુર આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ખાસ વિમાનમાં વોશિંગ્ટન જવા રવાના થયા હતા. શ્રી વેન્સ, તેમનાં પત્ની અને ત્રણ બાળકો સાથે, સોમવારે રાત્રે

દિલ્હીથી જયપુર પહોંચ્યા હતા. તેમણે અંબર ફોર્ટ પેલેસની મુલાકાત લીધી હતી અને મંગળવારે ભારત-અમેરિકા સંબંધો પર એક કાર્યક્રમમાં સંબોધન કર્યું હતું. તેમણે પરિવાર સાથે ગઈકાલે આગ્રામાં તાજમહેલની મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . . . . . . .

## ALL PARTY MEET

પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને સરકારે આજે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ બેઠક સાંજે 6 વાગ્યે સંસદ ભવન સંકુલમાં યોજાશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ વિવિધ રાજકીય પક્ષોના નેતાઓને આ હુમલા વિશે માહિતી આપે તેવી શક્યતા છે. તેઓ આ ઘટના બાદ પાકિસ્તાન સામે લેવામાં આવેલા પગલાં વિશે પણ જાણકારી આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

. . . . . . . . . . . . . .

# COAL MINING

સરકારે ભૂગર્ભ કોલસાના ખાણકામને પ્રોત્સાહન આપવાના હેતુથી શ્રેણીબદ્ધ પરિવર્તનકારી નીતિગત પગલાં લીધાં છે. કેન્દ્રીય કોલસા મંત્રાલયે જણાવ્યું હતું કે આ નિર્ણય ઉચ્ચ મૂડી રોકાણ અને લાંબા પરિપક્વ સમયગાળાના પરંપરાગત પડકારોને સંબોધિત કરે છે.

આ પહેલમાં ફ્લોર રેવન્યુ શેર 4 ટકાથી ઘટાડીને 2 ટકા કરવાનો અને ભૂગર્ભ ખાણકામ સાહસો માટે ફરજિયાત અપફ્રન્ટ ચુકવણીની જરૂરિયાતને સંપૂર્ણ માફી આપવાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

# Trump-Zelensky

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી પર રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધને લંબાવવા અને શાંતિ વાટાઘાટોને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુદ્ધનો અંત ખૂબ જ નજીક હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુદ્ધનો અંત લાવવા માટે એક કરાર થવાનો હતો પરંતુ શ્રી ઝેલેન્સકીએ અમેરિકાની શરતો સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. જેથી યુદ્ધ વધુ લંબાયું. યુક્રેન પહેલાથી જ કહી ચૂક્યું છે કે તે ક્રિમીયા પરના પોતાના અધિકારો છોડશે નહીં.

. . . . . . . . . . . . . . . .

## REV. KYIV ATTACK

યુક્રેનની રાજધાની કિવ પર ગત રાત્રે રશિયન મિસાઇલ અને ડ્રોન હુમલામાં બે લોકો માર્યા ગયા છે અને બાળકો સહિત 54 લોકો ઘાયલ થયા છે. અહેવાલો અનુસાર, ડ્રોનનો કાટમાળ પડવાથી શહેરમાં અનેક સ્થળોએ  આગ લાગી હતી, એવી આશંકા છે કે ઘણા લોકો નાશ પામેલા રહેણાંક મકાનના કાટમાળ નીચે ફસાયેલા હોઈ શકે છે. ઉત્તર-પૂર્વીય શહેર ખાર્કિવમાં પણ વિસ્ફોટો થયા હતા..યુક્રેનના રાષ્ટ્રપતિએ ક્રિમીયા પર રશિયન નિયંત્રણને માન્યતા આપવાનો ઇનકાર કર્યા બાદ અને અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઝેલેન્સકી પર શાંતિ વાટાઘાટોને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યાના થોડા કલાકો બાદ જ આ હુમલાઓ થયા હતા.

. . . . . . . . . . . . . . . .

## IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ ભારતમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. પશ્ચિમ મધ્યપ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી અને પૂર્વ રાજસ્થાનમાં આ મહિનાની 29 તારીખ સુધી ગરમીનું મોજું યથાવત

રહેવાની આગાહી છે. આ દરમિયાન, આવતીકાલ સુધી પૂર્વ ભારતમાં અને આગામી 7 દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં ધીમે ધીમે 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે.

તેલંગાણાના નિઝામાબાદ, આદિલાબાદ, નિર્મલ અને મંચેરિયાલ સહિત અનેક જિલ્લાઓ ગરમીનો સામનો કરી રહ્યા છે. આ દરમિયાન, હવામાન વિભાગના અધિકારીઓએ આગામી ચાર દિવસ માટે રાજ્યના ઘણા જિલ્લાઓમાં ગરમીનું રેડ એલર્ટ જારી કર્યું છે.

હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને આગામી 3 થી 4 દિવસ દરમિયાન આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . . .

# IPL T20

**આજે IPL T20 ક્રિકેટમાં, યજમાન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે થશે. મેચ સાંજે 7:30 વાગ્યે થશે. ગઈકાલે, મુંબઈ ઈન્ડિયન્સે હૈદરાબાદમાં યજમાન સનરાઇઝર્સ હૈદરાબાદને 7 વિકેટે હરાવ્યું હતું.**

. . . . . . . . . . . . . . . .

# CHESS

ભારતીય ચેસ ગ્રાન્ડમાસ્ટર કોનેરુ હમ્પી અને ચીની ગ્રાન્ડમાસ્ટર ઝુ જીનેરે FIDE મહિલા ગ્રાંડ પ્રિકસના સંયુક્ત વિજેતા જાહેર કરાયા છે. બંને ખેલાડીઓએ અંતિમ મેચમાં સરખો સ્કોર કરતાં, આ ખિતાબ અને ઇનામી રકમ બંને વચ્ચે વહેચવામાં આવી છે.

ભારતીય માસ્ટર હમ્પીએ, બલ્ગેરિયન ઇન્ટરનેશનલ માસ્ટર નુરગ્યુલ સલીમોવા સામે 7-9 પોઇન્ટથી જીત મેળવી હતી જયારે બીજી બાજુ ચીની ગ્રાન્ડમાસ્ટર ઝુ જીનેરે પણ બ્લેક પીસ સાથે રશિયન માસ્ટર પોલિના શુવાલોવા સામેની તેની અંતિમ રાઉન્ડની રમત જીતી લીધી અને 7-9 પોઈન્ટ મેળવ્યા.

હમ્પી અને ઝુ જીનેરે ના પોઈન્ટ ટેબલ પર સરખા હતા તેથી ટાઈબ્રેકના આધારે તેને બીજા ક્રમે મેળવ્યો.

આ જીત સાથે, હમ્પી ચેસ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થશે તેવી આશા છે.

ભારતની આંતરરાષ્ટ્રીય માસ્ટર દિવ્યા દેશમુખ અને પોલેન્ડની ચેસ ખેલાડી એલિના કાશલિન્સકાયા સામેની મેચ ડ્રો રહી હતી. આ ડ્રો સાથે 5.5-9 પોઈન્ટ સાથે રેન્કિંગમાં ત્રીજા સ્થાને રહી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA STEEL 2025

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઈના બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય સ્ટીલ ઇવેન્ટ 'ઇન્ડિયા સ્ટીલ-2025'નું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સ્ટીલ ઉદ્યોગના પ્રીમિયર કાર્યક્રમને સંબોધિત કરશે. ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદ વૈશ્વિક સ્ટીલ મૂલ્ય શૃંખલાના અગ્રણી ભાગીદારો સાથે રહીને આ ક્ષેત્રના ભાવિ વિકાસની ચર્ચા કરશે.

આ પરિષદમાં મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓ સહિત વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્યોના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિઓની હાજરી જોવા મળશે.

સ્ટીલ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પરિષદ આંતર-રાજ્ય અને આંતરરાષ્ટ્રીય સહયોગ માટે નવી તકો ખોલશે, જ્ઞાનના આદાન-પ્રદાનને સરળ બનાવશે અને સ્ટીલ મૂલ્ય શૃંખલામાં વ્યવસાય કરવાની સરળતા વધારવાના હેતુથી ભારતના નીતિગત સુધારાઓ અને માળખાગત વિવિધ પહેલને પ્રદર્શિત કરાશે.

---------------------------